## ખૂણેખાંચરેથી

- જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાને આજે ૧.૩૦ કલાકથી વધુ સમય સુધી તાલુકા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનુ જોર વધ્યુ છે તો લીલા શાકભાજીના ભાવમાં પણ ઘટાડો થતાં નગરજનોમાં થોડોક ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.
- જિલ્લાના મદદનિશ પશુપાલન નિયામકે આજે સે. ૨૧ના પોલીસ ઈન્સ્પેક્ટરને એક પત્ર લખી ચ-૫ થી પંચદેવ મંદિર તરફ જવાના ફૂટપાથ ઉપર ગેરકાયદેસર રીતે પાંજરામાં પૂરેલા પક્ષીઓનું વેચાણ થાય છે તે બાબતે તપાસ કરી અને કાયદેસરના પગલાં લેવા જણાવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થતાં આરોગ્યતંત્રએ થોડીક રાહત અનુભવી છે. છેલ્લા ૧૫ દિવસથી હોસ્પિટલોમાં દર્દીઓના એડમીશનમાં પણ ઘટાડો થયો છે.
- સરકારની સૂચના પછી સરકારની ઘણી બધી કચેરીઓમાં થમ્બ ઈમ્પ્રેશનથી હાજરી પુરવાનું ચાલુ કરી દેવાયુ હોવાની બાબત આજે ટોક ઓફ ધી ટાઉન હતી.
- આજે રાજ્યમંત્રીમંડળની બેઠક બાદ સ્વર્ણિમ સંકુલ સાવ ખાલીકમ ભાસતુ હતુ.

# ભૂમાફિયાઓ સામે સરકારની લાલ આંખ

## જમીન હડપ કરનારાને હવે ૧૪ વર્ષની જેલ કરાશે : આજથી કાયદો અમલમાં મૂકાયો : ડીવાયએસપી કક્ષાના અધિકારી ૩૦ દિવસમાં તપાસ પૂરી કરશે, સ્પેશિયલ કોર્ટમાં કેસ ચાલશે, છ મહિનામાં ચુકાદો

ગાંધીનગર,તા.૧૬

ગુજરાત સરકારે રાજ્યમાં સરકારી, સામાન્ય ખેડૂતોની, ખાનગી વ્યક્તિની માલિકીની તેમજ જાહેર ટ્રસ્ટ-ધર્મસ્થાનકોની જમીન ગેરકાયદે કબજો મેળવી લઈ હડપ કરી જનારા ભૂમાફિયાઓ સામે કાયદાકીય શસ્ત્ર ઉગામવા ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટના નિયમો-કાનૂની જોગવાઈઓના કડક અમલની કાર્યયોજના જાહેર કરી છે. રાજ્ય મંત્રીમંડળે લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટ-૨૦૨૦ના પ્રસ્તાવને મંજૂર કર્યા બાદ રાજ્યપાલની અનૂમતિથી આ વિધેયકને એક્ટનું સ્વરૂપ મળતાં તેની કાયદાકીય જોગવાઈઓ-નિયમોનો હવે મુખ્યમંત્રીએ રાજ્યમાં તાત્કાલિક અસરથી અમલ કરાયો છે. સીએમ રુપાણીએ આ કાયદાને અમલમાં મૂકાયો હોવાની માહિતી આપતા જણાવ્યું હતું કે, સામાન્ય ખેડૂતોની જમીન ભૂમાફિયાઓએ હડપ કરી હોવાની ફરિયાદો અને તેમને રાતા પાણીએ રોવડાવ્યા હોવાની કેટલીક ઘટનાઓ સરકારના ધ્યાનમાં આવી હતી. જેને અનુલક્ષીને રાજ્યના એકપણ ખેડૂતની કિંમતી જમીન કોઈ ભૂમાફિયો પચાવી ન પાડે તેવા હેતુથી તથા આવા ગુનેગારો-લેન્ડ ગ્રેબરો-ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા તેમજ તેમને કડક પાઠ ભણાવવાના મક્કમ ઈરાદા સાથે રાજ્ય સરકારે આ સખતમાં સખત ક્રિમિનલ કાયદો અમલી બનાવવાનું સુનિશ્ચિત કર્યુ છે. ગેરકાયદેસર રીતે જમીન પચાવી પાડવાની આવી ગૂનાહિત પ્રવૃત્તિઓ કરતા ભૂમાફિયા કે કોઈ પણ ચમરબંધીઓને આ સરકાર છોડવા માંગતી નથી. રાજ્યમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ડામી દેવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. સરકારનો દાવો છે કે, આ કાયદાની કડક શિક્ષાત્મક જોગવાઈઓને લીધે કિંમતી જમીનો પચાવી પાડવાની બનતી ગંભીર ઘટનાઓ પર રોક લાગશે અને ભૂમાફિયાઓ આવી ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા ફફડશે. આ કાયદા હેઠળ ગુનેગારોને દોષિત ઠરેથી ઓછામાં ઓછી દસ વર્ષ અને વધુમાં વધુ ચૌદ વર્ષ સુધીની કેદ તેમજ મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડને પાત્ર રહેશે.

સીએમે આ લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટને વધુ વ્યાપક અને કડક સજા કરી ભૂમાફિયાઓને નશ્યત કરી શકાય તેવો સકંજો કસતો એકટ બનાવવા જે જોગવાઈઓ સુનિશ્ચિત કરવામાં આવી છે તેની વધુ વિગતો આપી હતી. રૂપાણીએ કહ્યું કે આ કાયદાની જોગવાઈઓ તાત્કાલિક ધોરણથી અમલમાં આવતાં અસરકારક અમલીકરણ થવાથી જમીનોનો ગેરકાયદેસર કબજો લેનાર, આવી જમીનો ઉપર ગેરકાયદે બાંધકામ માટે નાણાંકીય સહાય કરનાર તેમજ આવી જમીનોના ભોગવટેદારો પાસેથી ગુનાહિત ધાક ધમકીથી ભાડું, વળતર કે અન્ય વસુલાત કરે કે તેમાં મદદગારી કરે તેવી તમામ વ્યક્તિઓ જમીન પચાવી પાડનાર વ્યક્તિની વ્યાખ્યામાં સમાવિષ્ટ થઈ જશે.

## સે. ૨૪ના આંતરિક માર્ગોનું દુરસ્તી કામ હાથ ધરો : બારોટ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સે. ૨૪ માં બિસ્માર થયેલા માર્ગોના કામ ઝડપથી હાથ ધરવામાં આવે તે માટે આજે કાઉન્સીલર અંકિત બારોટે કાર્યપાલક ઈજનેર પા.યો. વિભાગને મળી આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

બારોટે જણાવ્યુ હતુ કે સૌથી વધુ વસ્તીનું ભારણ ધરાવતા આ વિસ્તારમાં માર્ગો દુરસ્તી થયા જ નથી તંત્ર દ્વારા આ માટે જે ઉદાસીનતા દાખવવામાં આવે છે તે અસહ્ય છે. બારોટે જણાવ્યુ છે કે એક સપ્તાહમાં જો માર્ગોની દુરસ્તીનું કામ હાથ નહિ ધરવામાં આવે તો ના છૂટકે આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

તેમણે આજે આ મુદ્દે રજુઆત કરતાં જણાવ્યુ છે કે આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી માર્ગ-મકાન વિભાગ દ્વારા યેનકેન કારણો આગળ ધરી કામગીરી ટાળવામાં આવી રહી છે તે યોગ્ય નથી. તેમણે ચોમાસામાં સેક્ટરના આંતરિક માર્ગોને નુકશાન થયુ છે તાત્કાલિક આ દુરસ્તીનું કામ હાથ ધરવામાં આવે.

## ૨૦મી સુધી ઠંડા પવનોનું જોર વધશે : પૂર્વાનુમાન


ગાંધીનગર, તા. ૧૬

આગામી ૨૦મી ડિસેમ્બરના રોજ આકાશ વાદળછાયુ રહેશે પણ વરસાદ થવાની શક્યતા નથી. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે ઠંડી હવે વધશે.

બુલેટીન ૭૩માં તા. ૧૬ થી ૨૦ મી સુધીની આગાહી કરતાં જણાવ્યુ છે કે મહત્તમ તાપમાન ૨૭-૨૮ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૬-૧૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૫ થી ૫૭ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

પવનની ગતિ સરેરાશ ૧૧ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. આમ ઠંડા પવનો જ જિલ્લાવાસીઓને ધ્રુજવતા રહેશે. ઠંડીનું પ્રમાણ પણ વધશે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, આ એક્સીડન્ટ કેઈસ નથી... આ પેશન્ટનું કોરોના વોરિયર તરીકે સરકારે સન્માન કર્યું તેના જોશમાં વાઈફ સાથે વોર કરી નાખી તેમાં...

## ગુજરાતમાં જમીન પચાવી પાડવાની પ્રવૃત્તિઓ ડામી દેવા કડક પ્રતિબંધ મૂકતા કાયદાનો આજથી અમલ શરૂ

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

**ખેડૂતો, ગ્રામીણ નાગરિકો અને કાયદેસરના જમીન માલિકોના હિતોના રક્ષણ માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ**



### ગેરકાયદેસર જમીન પચાવી પાડનારાઓ-ભૂમાફિયાઓને ૧૦ થી ૧૪ વર્ષની કેદની સજા અને મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઈ

### ધ ગુજરાત લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એક્ટ-૨૦૨૦ની મહત્વની જોગવાઈઓ

- લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબીશન એકટ અન્વયે મળતી ફરિયાદોની ચકાસણી માટે **જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં** કમિટીની રચના.
- જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર ઉપરાંત શહેરી વિકાસ સત્તામંડળના સી.ઇ.ઓ. અને અધિક નિવાસી કલેકટર આ સમિતિના સભ્યો રહેશે.
- સરકારી જમીન પર ગેરકાયદેસર કબજાના કિસ્સામાં જિલ્લા કલેકટરને અને રાજ્ય સરકારને આપમેળે-**સુઓમોટો પગલાં લેવાની સત્તા.**
- કમિટીની બેઠક ફરજિયાતપણે **દર ૧૫ દિવસે યોજાશે.**
- તપાસના પ્રથમ તબક્કાથી જ દરેક સ્ટેજ માટે પ્રક્રિયાની **સમયમર્યાદા નિશ્ચિત.**
- જિલ્લા કલેકટરની અધ્યક્ષતાવાળી કમિટી સમક્ષ તપાસ અહેવાલ રજૂ થાય તેના **૨૧ દિવસમાં કમિટી નિર્ણય લેશે.**
- કમિટી એ નિષ્કર્ષ પર આવે કે આ ગુનો છે અને પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય જાહેર કરે ત્યારે **એક સપ્તાહ (૭ દિવસ)માં ફરિયાદ નોંધાશે.**
- ફરિયાદ (F.I.R.) નોંધાય તેના **૩૦ દિવસમાં સંપૂર્ણ તહોમતનામું** આ કાયદાના અમલ માટેની ખાસ અદાલત-સ્પેશ્યલ કોર્ટમાં રજૂ કરવાનું રહેશે.
- આ કાયદા અન્વયે ગુનાઓની તપાસ **નાયબ પોલીસ અધિક્ષક-**Dy.SP **દરજ્જાના** અધિકારી કરશે.
- કેસોના ઝડપી નિકાલ-ગુનેગારોને કડક સજા અને અસરગ્રસ્ત-નિર્દોષ વ્યક્તિને યોગ્ય વળતર માટે **વિશેષ અદાલતો.**
- વિશેષ અદાલતો સમક્ષ ચલાવવામાં આવનારા કેસોનો **વધુમાં વધુ ૬ મહિનામાં નિકાલ કરાશે.**
- વિશેષ અદાલતોને દિવાની અને ફોજદારી-બંને અદાલતોની સત્તા.
- જે વ્યક્તિ પર જમીન પચાવી પાડવાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેણે આવી **જમીન પોતે પચાવી પાડી નથી તેવું કોર્ટ સમક્ષ સાબિત કરવું પડશે.** જેથી કેસ ઝડપથી પૂરવાર કરવામાં વેગ આવશે.
- જમીન ખરીદનારે ખરીદી માટેના નાણાંકીય સ્ત્રોત પોતાની આવકમાંથી ઊભા કરેલા છે તેવું સાબિત કરવાનું રહેશે.

### કાયદામાં કડક સજાની જોગવાઈઓ

- **આ કાયદા હેઠળ ગુનેગાર દોષિત ઠરે તો ઓછામાં ઓછી ૧૦ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની કેદની સજાની કડક જોગવાઈ.**
- **મિલકતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષાની જોગવાઈ.**
- **લેન્ડ ગ્રેબીંગ પ્રોહિબીશન એક્ટ સરકારી, અર્ધ સરકારી સંસ્થાની જમીન, જાહેર સાહસોની જમીન, ધાર્મિક-સખાવતી સંસ્થાની જમીન તેમજ ખાનગી જમીનને લાગુ પડશે.**
- **જમીન પચાવી પાડનાર, મદદગારી કરનાર, ગેરકાયદેસર કબજો લેવા માટે નાણાંકીય સહાય કરનાર, ગુનાઈત ધાકધમકીથી ભાડુ, વળતર કે બીજા ચાર્જ વસૂલ કરનાર, કાયદેસરના અધિકાર વગર કબજા-ભોગવટા હક્ક, પટ્ટો, લાયસન્સ, કબુલાત, તબદીલી કે વેચાણ ઉભા કરનાર વ્યક્તિઓને સજા થઈ શકશે.**
- **વ્યક્તિ, સમૂહ અથવા મંડળ, એસોસિએશન, કંપની કે સંસ્થાઓ પણ ગુનેગાર હોઈ શકે.**

**આ એક્ટથી સામાન્ય માનવીને ઝડપી અને યોગ્ય ન્યાય તથા કસૂરવાર ભૂમાફિયાને કડક સજા મળશે - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

## પ્રકૃતિપ્રેમી પાટનગરમાં ખુલ્લેઆમ સાંકડા પાંજરે પુરીને પક્ષીઓનું કરાતું વેચાણ

### ચ-માર્ગ પર સાંકડા પાંજરામાં વધુ પડતાં પક્ષીઓને પુરી આખો દિવસ તેમને ખવડાવ્યા-પીવડાવ્યા વગર વેચતા વેપારીઓ : પ્રાણીઓ વિરૂધ્ધ આચરાતી ક્રુરતા સામે કાર્યરત જીવદયાપ્રેમી દ્વારા વનવિભાગ અને પોલીસને જાણ કરાઈ

ગાંધીનગર પ્રકૃતિ પ્રેમીઓનું શહેર છે પરંતુ આ સાથે આ શહેરમાં અનેકવાર પશુ-પક્ષીઓ સાથે ક્રુરતાની ઘટનાઓ તેમજ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમનો ભંગ કરાતો હોવાના બનાવો પણ સર્જાય



છે. તાજેતરમાં છેલ્લા ચારેક દિવસથી શહેરના સુપ્રસિધ્ધ પંચદેવ મંદિર નજીક ચ માર્ગ પર કેટલાંક વેપારીઓ દ્વારા ખુલ્લેઆમ બજરીગર પક્ષીઓને પાંજરામાં રાખીને વેચાણ કરવામાં આવી રહ્યું છે જે 'પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ' ના કાયદાના ભંગ સમાન છે. આ બાબતે શહેરના એક જીવદયા પ્રેમી પંકજ બુચ દ્વારા સેકટર-૨૧ પોલીસ સ્ટેશને જાણ કરવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે પરંતુ હજુ સુધી આ વેપારીઓને અટકાવવા કોઈ પગલાં લેવાયા હોવાનું ધ્યાનમાં આવ્યું નથી આ સાથે તેમણે વનવિભાગમાં ડીસીએફ ડામોર સાહેબને પણ આ બાબતે જાણ કરી હતી.

'લવ બર્ડસ' ના નામથી જાણીતા પક્ષીઓ જે હંમેશા જોડીમાં જ રહે છે જે ઘરમાં પક્ષીઓ રાખવાના શોખીનોમાં ખૂબ લોકપ્રિય છે પરંતુ નામદાર હાઈકોર્ટ દ્વારા પક્ષીને પાંજરામાં પુરવા અને તેને બજારમાં વેચવા પર મનાઈ હુકમ આપેલો છે. ગુજરાત વિધાસભામાં વર્ષ ૨૦૧૫માં છઠ્ઠા સત્રમાં તા. ૨૩મી માર્ચ ૨૦૧૫ના રોજ તત્કાલીન ધારાસભ્ય રાઘવજી પટેલ દ્વારા વનમંત્રીને પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તત્કાલીન વનમંત્રીએ લેખિતમાં જણાવ્યું હતું કે હાઈકોર્ટના ચુકાદા મુજબ પક્ષી વેપાર થતો હોય ત્યાં રેડ કરીને બંધનાવસ્થામાં પક્ષીઓ મળે તો તેને જપ્ત કરી નૈસર્ગિક વાતાવરણમાં મુકત કરવામાં આવ છે અને જો કોઈ તે માટે ગુનેગાર પકડાય તો તેને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવે છે. ગાંધીનગરમાં સેકટર-૨૧માં ખુલ્લેઆમ રસ્તા પર પક્ષીઓને પાંજરે પુરીને વેપાર કરવામાં આવી રહ્યો છે. જે નિહાળી શહેરના જીવદયાપ્રેમીઓ વ્યથિત થઈ રહ્યા છે.

### પક્ષીઓને પાંજરે પુરી રાખવા ગુનો : પંકજ બુચ

ચ-માર્ગ પર પાંજરામાં પુરી રાખીને વેપલો કરતા વેપારીઓ સંદર્ભે ગુજરાત સ્ટેટ એનિમલ વેલ્ફેર બોર્ડના-જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના સભ્ય પંકજ બુચ દ્વારા આ બાબતે પોલીસ તથા વનવિભાગને જાણ કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા અબ્દુલ કાદર મોહંમદઆઝમ શેખ કેસના ચુકાદામાં સ્પષ્ટ નિર્દેશ હતો કે વિદેશી કે સ્થાનિક કોઈ પણ પક્ષીને પાંજરે પુરવું તે ગુનો છે, પક્ષીઓને પાંખો છે માટે તેઓ ઉડવા માટે સ્વતંત્ર છે. પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ ૧૯૬૦ એકટની કલમ-૧૧ મુજબ કોઈપણ પ્રાણી-પક્ષી સાથેની ક્રુરતા ગુનો બને છે અને કલમ-૩ મુજબ જેની પાસે તેની કસ્ટડી હોય તેણે પ્રાણી પક્ષીઓને ભૂખ્યાં તરસ્યા રાખવા તે પણ ગુનો છે.